એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ

તા. ૦૩/૦૮/૨૦૧૭

એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠક

<u>બેઠક ક્રમાંક-(૧) ૨૦૧૭-૧૮</u>

તા. ૦૩/૦૮/૨૦૧૭ સમયઃ બપોરે ૧:૩૦ કલાક

સ્થળઃ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

-કાર્યવાહી નોંધ-

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ની પ્રથમ બેઠક મા. કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા. ૦૩/૦૮/૨૦૧૭ને ગુરુવારના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર મુકામે બપોરે ૧:૩૦ કલાકે મળી હતી. જેમાં સભ્યશ્રીઓની ઉપસ્થિતિ નીચે મુજબ હતી.:

| | | | |
|---|---|---|---|
| ૧. | મા. કુલપતિશ્રી ડૉ. કે. એસ. લીખીયા | અધ્યક્ષશ્રી | ઉપસ્થિત |
| ૨. | મહાનિયામકશ્રી દિવ્યાંશુભાઈ દવે | સભ્યશ્રી | ઉપસ્થિત |
| ૩. | સરકારશ્રીના સચિવશ્રી નાણાવિભાગ | સભ્યશ્રી | ઉપસ્થિત |
| ૪. | રજિસ્ટ્રારશ્રી કમલામની રાવ | સભ્ય સચિવશ્રી | ઉપસ્થિત |
| ૫. | નાણા અને હિસાબી અધિકારી શ્રી આર.જે.શાહ | સભ્યશ્રી | ઉપસ્થિત |
| ૬. | મા. ડૉ. સુજલ એ.મુન્શી | સભ્યશ્રી | ઉપસ્થિત |

નીચેના સભ્યશ્રીઓ હાજર રહી શકયા ન હતા.

| | | | |
|---|---|---|---|
| ૧. | સંયુક્ત સચિવશ્રી (ઉચ્ચ શિક્ષણ) | સભ્યશ્રી | અનઉપસ્થિત |
| ૨. | મા. ડૉ. ઘનશ્યામભાઈ રાવલ | સભ્યશ્રી | અનઉપસ્થિત |
| ૩. | સંયુક્ત નિયામકશ્રી (ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી) | સભ્યશ્રી | અનઉપસ્થિત |
| ૪. | મા. શ્રી નીપાબહેન મહેતા | સભ્યશ્રી | અનઉપસ્થિત |
| ૫. | મા. ડૉ. મહેન્દ્રભાઈ ચોટલિયા | સભ્યશ્રી | અનઉપસ્થિત |

પ્રારંભમાં ઉપસ્થિત સૌ સભ્યશ્રીઓનું સભ્યસચિવશ્રી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું, ત્યારબાદ એજન્ડા મુજબ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠકની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

- **આ સાથે એક્ઝિક્યુટીવ કાઉન્સિલ મીટિંગની કાર્યવાહી નોંધ (મિનિટ્સ) સામેલ છે.**

Kamalamani Rao

| એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ | તા. ૦૩/૦૮/૨૦૧૭ |
|---|---|

બાબત ક્રમાંક:- ૧. તા. ૩૦/૦૧/૨૦૧૭ના રોજ મળેલી એક્ઝીક્યુટીવ કાઉન્સિલની કાર્યવાહી નોંધ મંજૂર કરવા બાબત (પુ. ૧ થી ૬ બિડાણ: ૧)

ઠરાવ ક્રમાંક :- ૧. આથી ઠરાવવામાં આવે છે કે તા. ૩૦/૦૧/૨૦૧૭ના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની કાર્યવાહી નોંધ (પુ. ૧ થી ૬ બિડાણ: ૧)ને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે.

બાબત ક્રમાંક: ૨. **નાણા સમિતિની તા. ૦૩/૦૮/૨૦૧૭ની કાર્યવાહી નોંધ મંજૂર કરવા બાબત**

**(પુ. ૧ થી ૪ બિડાણ-૨)**

ઠરાવ ક્રમાંક: ૨ તા.૦૩/૦૮/૨૦૧૭ના રોજ મળેલ નાણાસમિતિની કાર્યવાહી નોંધને EC સમક્ષ રજૂ કરવામાં આવી જેની વિગત નીચે મુજબ છે.

## નાણાસમિતિની કાર્યવાહી નોંધ

ઠરાવ ક્રમાંક: ૨. (૧)

**ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વર્ષ-૨૦૧૬-૧૭ના CA ઓડીટ રીપોર્ટ પેજ ૧ થી ૨૦ તા. ૦૩/૦૮/૨૦૧૭ના રોજ મળેલ FCના ઠરાવ ક્રમાંક-૨ દ્વારા મંજૂર કરવામાં આવેલ છે અને ECની બેઠકમાં મુકવા ભલામણ કરવામાં આવી હતી. તે અનુસાર CA ઓડીટ રીપોર્ટ EC સમક્ષ રજૂ કરવામાં આવેલ. CA ઓડીટ રીપોર્ટ (વર્ષ-૨૦૧૬-૧૭)ના વર્ષ દરમિયાન થયેલ મૂડી ખર્ચ (મિલકત ખરીદી અને અન્ય મૂડી ખર્ચ) તથા મહેસૂલી ખર્ચ અંગે આવશ્યક ચર્ચા કરવામાં આવી અને વર્ષ-૨૦૧૬-૧૭ના CA ઓડીટ રીપોર્ટ પેજ ૧ થી ૨૦ EC દ્વારા સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે. (પુ. ૧ થી ૨૦ બિડાણ-3)**

ઠરાવ ક્રમાંક: ૨. (૨)

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા નિમાયેલા આંતરિક ઓડિટર શ્રી સૌરભ આર ઠક્કર & કં ને વર્ષ-૨૦૧૭-૧૮ માટે કરેલ પૂન: નિમણૂક તા. ૦૩/૦૮/૨૦૧૭ના રોજ મળેલ FCના ઠરાવ ક્રમાંક-3 દ્વારા મંજૂર કરવામાં આવી છે અને ECની બેઠકમાં મુકવા ભલામણ કરવામાં આવી હતી. જે EC સમક્ષ રજૂ કરવામાં આવેલ. આંતરિક ઓડિટરશ્રી સૌરભ આર ઠક્કર & કંને વર્ષ-૨૦૧૭-૧૮ માટે કરેલ પૂન: નિમણૂક EC દ્વારા સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે. (બિડાણ-૪)

Ramalaxman Rao

એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ | તા. 03/08/૨૦૧૭

ઠરાવ ક્રમાંક: ૨. (3)

શિક્ષણ વિભાગના ઠરાવ નં. ISC-7/CHI.UNI/P.G/17/2893-98 તા. ૦૧/૦૫/૨૦૧૭થી વર્ષ-૨૦૧૭-૧૮ના નાણાકીય વર્ષમાં આયોજન હેઠળ ચાલુ બાબત તરીકે રૂ. ૪ કરોડની મળેલ વહીવટી મંજૂરીને તા. 03/08/૨૦૧૭ના રોજ મળેલ FCના ઠરાવ ક્રમાંક-૪ દ્વારા મંજૂર કરવામાં આવી છે અને ECની બેઠકમાં મુકવા ભલામણ કરવામાં આવી હતી, જે EC સમક્ષ રજૂ કરવામાં આવેલ. શિક્ષણ વિભાગના ઠરાવ નં. ISC-7/CHI.UNI/P.G/17/2893-98 તા. ૦૧/૦૫/૨૦૧૭થી વર્ષ-૨૦૧૭-૧૮ના નાણાકીય વર્ષમાં આયોજન હેઠળ ચાલુ બાબત તરીકે રૂ. ૪ કરોડની ગ્રાન્ટને EC દ્વારા સર્વાનુમતે વહીવટી મંજૂરી આપવામાં આવે છે. (બિડાણ-૫)

ઠરાવ ક્રમાંક: ૨.(૪)

વર્ષ-૨૦૧૭-૧૮ માટે લાઈબ્રેરી હેઠળ રૂ. ૨૦ લાખનો નવી બાબત તરીકે થયેલ સમાવેશની નોંધ તા. 03/08/૨૦૧૭ના રોજ મળેલ FCના ઠરાવ ક્રમાંક-૫ દ્વારા મંજૂર કરવામાં આવી છે અને ECની બેઠકમાં મુકવા ભલામણ કરવામાં આવી હતી જે EC સમક્ષ રજૂ કરવામાં આવેલ. વર્ષ-૨૦૧૭-૧૮ માટે લાઈબ્રેરી હેઠળ રૂ. ૨૦ લાખનો નવી બાબત તરીકે મળેલ ગ્રાન્ટની EC દ્વારા સર્વાનુમતે વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(બિડાણ-૬)

ઠરાવ ક્રમાંક: ૨.(૫)

લોકલફંડ ઑડિટનો સને ૨૦૧૪-૧૫નો અહેવાલની નોંધ તા. 03/08/૨૦૧૭ના રોજ મળેલ FCના ઠરાવ ક્રમાંક-૬ દ્વારા મંજૂર કરવામાં આવી છે અને ECની બેઠકમાં મુકવા ભલામણ કરવામાં આવી હતી જે EC સમક્ષ રજૂ કરવામાં આવેલ લોકલફંડ ઑડિટનો સને ૨૦૧૪-૧૫ના ઓડીટ અહેવાલ ઉપર જરૂરી ચર્ચા કરવામાં આવી હતી અને ઓડીટ અહેવાલ EC દ્વારા સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે. (બિડાણ-૭)

ઠરાવ ક્રમાંક: ૨. (૬)

ડેપ્યુટેશન સ્ટાફના કર્મચારીઓને ૭મા પગારપંચ ચુકવવા તા. 03/08/૨૦૧૭ના રોજ મળેલ FCના ઠરાવ ક્રમાંક-૭ દ્વારા મંજૂર કરવામાં આવી છે અને ECની બેઠકમાં મુકવા ભલામણ કરવામાં આવી હતી, જે EC સમક્ષ રજૂ કરવામાં આવેલ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ડેપ્યુટેશન પર ફરજ બજાવતા કર્મચારીઓને ગુજરાત સરકારના નિયમોનુસાર ૭મા પગારપંચ અનુસાર પગાર ચુકવવા EC દ્વારા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે.

Ramalaxmi Rao

| એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ | તા. ૦૩/૦૮/૨૦૧૭ |
|---|---|

ઠરાવ ક્રમાંક: ૨. (૭)

નાણાવિભાગના ઠરાવ ક્રમાંક: ખર્ચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ.૧ તા. ૧૮/૦૧/૨૦૧૭ અનુસાર ફિક્સ પે ધરાવતા કર્મચારીઓને વધારો આપવા તા. ૦૩/૦૮/૨૦૧૭ના રોજ મળેલ FCના ઠરાવ ક્રમાંક-૮ દ્વારા મંજૂર કરેલ છે અને ECની બેઠકમાં મુકવા ભલામણ કરવામાં આવી હતી, જે EC સમક્ષ રજૂ કરવામાં આવેલ. EC દ્વારા નાણાવિભાગના ઠરાવ ક્રમાંક: ખર્ચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ.૧ તા. ૧૮/૦૧/૨૦૧૭ અનુસાર ફિક્સ પે ધરાવતા કર્મચારીઓને વધારો આપવા સર્વાનુમતે મંજૂરી આપવામા આવે છે. (બિડાણ-૮)

ઠરાવ ક્રમાંક: ૨. (૮)

રોજમદાર કર્મચારીઓના વેતન વધારવા અંગે કમિટિની રચના કરવી અને તેમના કાર્યને અનુરૂપ વધારો આપવા તા. ૦૩/૦૮/૨૦૧૭ના રોજ મળેલ FCના ઠરાવ ક્રમાંક-૯ દ્વારા મંજૂર કરવામાં આવી છે અને ECની બેઠકમાં મુકવા ભલામણ કરવામાં આવી હતી, જે EC સમક્ષ રજૂ કરવામાં આવેલ. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના રોજમદાર કર્મચારીઓના વેતન વધારવા અંગે કમિટિની રચના કરવા અને કમિટિની ભલામણો/સૂચનોનો અમલ કરવા EC દ્વારા મા. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

ઠરાવ ક્રમાંક: ૨. (૯)

આગામી સત્રથી શરૂ થનાર અભ્યાસક્રમોના અમલ બાબતે નાણાકીય બાબતોના સંદર્ભે કરવાની થતી તમામ કાર્યવાહી કરવાની સત્તા મા. કુલપતિશ્રીને સોંપવા તા. ૦૩/૦૮/૨૦૧૭ના રોજ મળેલ FCના ઠરાવ ક્રમાંક-૧૦ દ્વારા મંજૂર કરવામાં આવી છે અને ECની બેઠકમાં મુકવા ભલામણ કરવામાં આવી જે EC સમક્ષ રજૂ કરવામાં આવેલ. આગામી સત્રથી શરૂ થનાર અભ્યાસક્રમોના અમલ બાબતે નાણાકીય બાબતોના સંદર્ભે કરવાની થતી તમામ કાર્યવાહી કરવાની સત્તા મા. કુલપતિશ્રીને સોંપવા EC દ્વારા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે.

ઠરાવ ક્રમાંક: ૨. (૧૦)

અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ છે કે યુનિવર્સિટીની વધી રહેલી ગતિવિધિ અને તેમાં જરૂરી નાણાકીય વહીવટની સરળતા માટે નાણાંકીય સત્તાનું વિભાજન તા. ૦૩/૦૮/૨૦૧૭ના રોજ મળેલ FCના ઠરાવ ક્રમાંક-૧૧ દ્વારા મંજૂર કરવામાં આવેલ છે અને ECની બેઠકમાં મુકવા ભલામણ કરવામાં આવી જેની વિગત નીચે મુજબ છે

૧. રજિસ્ટ્રારશ્રી અને ફાયનાન્સ અને એકાઉન્ટ ઓફિસર રૂ. ૨૦,૦૦૦/-સુધીનો ખર્ચ કરી શકશે.

૨. ડાયરેક્ટર જનરલશ્રી રૂ. ૫૦,૦૦૦/- સુધીનો ખર્ચ કરી શકશે.

૩. રૂ. ૫૦,૦૦૦ થી વધુ અને રૂ. ૧,૦૦,૦૦૦/- (એક લાખ) સુધીનો ખર્ચ કરવાની સત્તા મા. કુલપતિશ્રીને રહેશે. તદઉપરાંત રૂ. ૧ લાખથી ૩ લાખનો ખર્ચ ત્રણ ભાવપત્રક લઈને કરી શકાશે અને રૂ. ૩ લાખથી વધુના ખર્ચ માટે છાપામાં જાહેરાત આપવાની રહેશે અને રૂ. ૫ લાખથી વધુના ખર્ચ માટે ઈ –ટેન્ડરીંગ કરવું અનિવાર્ય રહેશે.

ઉપરોક્ત ત્રણ ભલામણોને EC દ્વારા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે.

બાબત ક્રમાંકઃ ૩ નવા અભ્યાસક્રમ શરૂ કરવા માટે જરૂરી સ્ટાફ(મહેકમ)(કોન્ટ્રાક્ચ્યુલ, આઉટ સોર્સીંગ, રોજમદાર)ભરવા બાબત

ઠરાવ ક્રમાંક-૩ નવા અભ્યાસક્રમ શરૂ કરવા માટે જરૂરી સ્ટાફ(મહેકમ)(કોન્ટ્રાક્ચ્યુલ, આઉટ સોર્સીંગ, રોજમદાર) ભરવા માટે EC દ્વારા મા. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે. અને કાયમી ભરતી હોય તો શિક્ષણ વિભાગની મંજૂરી લઈ ભરવામાં આવે તેવા સૂચન થયેલા છે.

બાબત ક્રમાંકઃ ૪ યુનિવર્સિટીમા શરૂ કરેલા અભ્યાસક્રમો ફીના ધોરણો, પરીક્ષાના રેમ્યુ.દર નક્કી કરવા બાબત.

## Remuneration Charges

| | | Paper Setting | | | Evaluation/ Remuneration | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| No. | Assessment | 2 Hours | 3 Hours | Other | 2 Hours | 3 Hours | Minimum | Other | Remarks |
| 1. | Certificate Course | 150 | 250 | | 5 | 6 | 150 | | |
| 2. | Diploma Course | 150 | 250 | | 5 | 6 | 150 | | |
| 3. | U G Course | 200 | 300 | | 8 | 10 | 200 | | |
| 4. | P. G. Dip - Theory | 200 | 300 | | 8 | 10 | 200 | | |
| 5. | P. G. Dip - Practical | 150 | 200 | | 15 | 20 | 200 | | |
| 6. | P.G. – Theory | 300 | 350 | | 10 | 15 | 300 | | |
| 7. | P.G. – Practical | 200 | 300 | | 20 | 30 | 300 | | |
| 8. | P.G. – Dissertation | | | | | | | 200 | |
| 9. | P.G. – Viva | | | | | | | 150 | |
| 10. | M.Phil. – Theory | 300 | 350 | | 15 | 20 | 300 | | |
| 11. | M.Phil. -Dissertation | | | | | | | 300 | |
| 12. | M.Phil. – Viva | | | | | | | 300 | |
| 13. | M.Phil. – Entrance | 600 | 800 | | 20 | 25 | 300 | | |
| 14. | Ph.D. – Thesis | | | | | | | 1000 | |
| 15. | Ph.D. – Viva | | | | | | | 500 | |
| 16. | Ph.D. Entrance | 800 | 1000 | | 20 | 25 | 400 | | |

**The Following rates are per session of Examination**

| Sr No. | Remuneration for Examination Conduct | Remuneration | |
|---|---|---|---|
| | | 2 Hrs Session | 3 Hrs Session |
| 1 | Exam Chairman | 400 | 600 |

| | | | |
|---|---|---|---|
| 2 | Exam Coordinator | 250 | 400 |
| 3 | Exam Stationary Clerk | 100 | 150 |
| 4 | Senior Supervisor | 150 | 250 |
| 5 | Junior Supervisor | 75 | 100 |
| 6 | Peon | 50 | 75 |
| 7 | Sweeper | 50 | 75 |
| 8 | Technician (Practical Exam) | 100 | 150 |

**Note:**

| | | |
|---|---|---|
| Visiting Faculty | Rs.300/- Per Lecture in P.G. Class. | Rs. 200/- Per Lecture in UG Class. |

## Form Fees and All other Fees

| COURSES →→ | Ph.D. | M.Phil. | M.A. | PGD (All) | Certificate |
|---|---|---|---|---|---|
| Admission And Form Fee | 500 | 500 | 500 | 500 | 250 |
| Provisional Eligibility | 100 | 100 | 100 | 0 | 0 |
| Final Eligibility | 150 | 150 | 150 | 0 | 0 |
| Migration | 300 | 300 | 300 | 0 | 0 |
| Bonafide | 50 | 50 | 50 | 50 | 50 |
| Degree /Convocation (In Person) | 150 | 150 | 150 | 150 | 100 |
| Degree /Convocation (In Absentia) | 350 | 350 | 350 | 350 | 350 |
| Transcript | 300 | 300 | 300 | 300 | 100 |
| Alumni Association Fee | 250 | 250 | 250 | 250 | 250 |
| Exam (Per sem) | 0 | 500 | 400 | 400 | 200 |
| Exam (Thesis/Dissertation) | 2500 | 1500 | 800 | 0 | 0 |
| Rechecking (Per Paper) | | 50 | 50 | 50 | 50 |
| Reassessment (Per Paper) | | 200 | 200 | 200 | 100 |
| Certificate Verification | | 200 | 200 | 200 | 200 |
| Duplicate Mark sheet- up to 5 Year | | 200 | 200 | 200 | 200 |
| Duplicate Mark sheet- after 5 Year | | 500 | 500 | 500 | 500 |
| Course Work Fees | 3000 | 0 | 0 | 0 | 0 |
| Library | 250 | 250 | 250 | 150 | 100 |
| Student welfare | 100 | 100 | 100 | 100 | 100 |
| Computer | 500 | 500 | 500 | 300 | 0 |
| Deposit | 500 | 500 | 500 | 500 | 500 |
| ID Card Fee | 50 | 50 | 50 | 50 | 50 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Sport Fee | 100 | 100 | 100 | 100 | 100 |
| Material Fee | 100 | 100 | 100 | 100 | 100 |
| Laboratory Fee | 500 | 500 | 250 | 250 | 100 |
| **Late Fee (Up 10 Days)** | 250 | 250 | 250 | 250 | 250 |
| **Than after per day** | 50 | 50 | 50 | 50 | 50 |
| **Fee Return (Up to 15 Days)**<br>**Than After** | **50%**<br>**00%** | **50%**<br>**00%** | **50%**<br>**00%** | **50%**<br>**00%** | **50%**<br>**00%** |
| Education Fees (Per Sem) | 5000 (First Batch)<br>15000 (Second Batch) | 7500 | 3000 | 3000 | 1500 |
| Term Fee (Per Sem) | 100 | 100 | 100 | 100 | 100 |

ઠરાવ ક્રમાંક- ૪ **યુનિવર્સિટીમાં શરૂ કરેલા UGC માન્ય અભ્યાસક્રમોના ફીના ધોરણો અને પરીક્ષાના રેમ્યુ.દર** ઉપરોક્ત ટેબલમાં દર્શાવ્યા અનુસાર નક્કી કરવામાં આવે છે જે EC દ્વારા મંજૂર કરવામાં આવે છે વધુમાં આ દરોમાં ફેરફાર કરવા તથા નવા અભ્યાસક્રમો માટે દરો નક્કી કરવા EC દ્વારા **સર્વાનુમતે** મા. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

બાબત ક્રમાંકઃ ૫ **યુનિવર્સિટીના કર્મચારીઓના રજાના નિયમો નક્કી કરવા બાબત. (પુ. ૧ થી ૧૩ બિડાણ-૯)**

ઠરાવ ક્રમાંકઃ ૫ **યુનિવર્સિટીના કર્મચારીઓના રજાના નિયમો (પુ. ૧ થી ૧૩)** EC દ્વારા સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે. રાજ્ય સરકાર અને UGC ના નિયમોનુસાર રજાના નિયમોમાં થતા વખતો વખત ફેરફાર અનુસાર ફેરફાર કરવા માટે મા. **કુલપતિશ્રીને સર્વાનુમતે સત્તા આપવામાં** આવે છે.

બાબત ક્રમાકઃ ૬ **Ph.D(Psychology)ના માર્ગદર્શક તરીકે ડૉ.અશોકભાઈ પ્રજાપતિને માન્યતા આપવા બાબત.**

ઠરાવ ક્રમાંકઃ ૬ **Ph.D(Psychology)ના માર્ગદર્શક તરીકે ડૉ. અશોકભાઈ પ્રજાપતિને** EC દ્વારા **સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે. (બિડાણ-૧૦)**

બાબત ક્રમાંકઃ ૭ વર્ષ-૨૦૧૭-૧૮માં નવા અભ્યાસક્રમ શરૂ કરવા બાબત

ઠરાવ ક્રમાંકઃ ૭ વર્ષ-૨૦૧૭-૧૮માં UGC માન્ય M.A (Child Psychology), M.A (Functional English and Children Literature), M.A (Education), M.Ed (Elementary Education), P.G. Diploma (Prenatal Care and **education**), P.G.Diploma (Text book Writing), P.G Diploma (School Counseling) જેવા નવા અભ્યાસક્રમ શરૂ કરવા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે.

બાબત ક્રમાંકઃ ૮ M.phil અને Ph.D ના Ordinanceમાં સુધારા બાબત.

## Amendment

**howing the amendments made in the Ordinances of M.Phil. and Ph.D. up to 30-3-2017**

| Amended version | Old Version of the Ordinance |
|---|---|
| R.PG.MPhil.12 : Amended version<br>The Tests shall be of 100 marks and 3 hours duration. The format of the Entrance Test paper | R.PG.MPhil.12 : The Tests shall be of 100 marks and 3 hours duration. The format of the Entrance Test paper shall be as follows: Section-I (50 |

| | |
|---|---|
| shall be as follows: Section-I (50 marks; test items of objective type in multiple choice format on the subject); Section – II **(30 marks; six short-answer question on the subject; and 20 marks;** two long-answer questions with or without sub-questions on the subject). This test shall carry a weightage of 60% in the final merit list and the remaining 40% of weightage shall be given to the percentage of marks in aggregate / grades or it's equivalent percentage obtained by an applicant in examination at the master level (Including integrated courses) in the respective subject. If equivalent percentage is not indicated in final grade sheet, the CGPA / GPA of such applicant will be proportionately converted in to the percentage according to the conversion formula of Children's University a final merit list will be prepared and notify by the Department/University. | marks; test items of objective type in multiple choice format on the subject); Section – II **(25 marks; five short-answer question on the subject);** and Section – III (25 marks; long-answer questions with or without sub-questions on the subject). This test shall carry a weightage of 60% in the final merit list and the remaining 40% of weightage shall be given to the percentage of marks in aggregate / grades or it's equivalent percentage obtained by an applicant in examination at the master level (Including integrated courses) in the respective subject. If equivalent percentage is not indicated in final grade sheet, the CGPA / GPA of such applicant will be proportionately converted in to the percentage according to the conversion formula of Children's University a final merit list will be prepared and notify by the Department/University . |
| R.PG.MPhil.29 : Amended version<br>A candidate shall obtain at least **55%** marks on each head at the University examination and **55%** in the total of the Internal test and the University Examination, and in dissertation and Viva-Voce examination put together in order to pass the M. Phil. Examination and to be awarded the Degree. | R.PG.MPhil.29 : A candidate shall obtain at least 40% marks on each head at the University examination and **40%** in the total of the Internal test and the University Examination, and at least 50% marks in dissertation and Viva-Voce examination put together in order to pass the M. Phil. Examination and to be awarded the Degree. |
| R.PG.PhD.7(e) : Amended version<br>Applicants for admission to Ph. D. shall be required to have a minimum 55% score under any evaluation system at the Master's level in relevant subject.<br>The candidates shall have to secure minimum score of 50% marks in Ph. D. Entrance Test. | R.PG.PhD.7(e) Applicants for admission to Ph. D. in any subject other than education shall be required to have a minimum 55% score under any evaluation system at the Master's level.<br>**Applicants seeking admission to Education Discipline at Doctoral programme (Ph.D) shall have Postgraduate degree in basic academic discipline (Arts, Commerce, Science etc) with minimum 55% marks and; M.Ed degree from a recognised university with minimum 55% marks**<br>**Or**<br>**Postgraduate (M.A.) degree in Education with minimum 55% marks.**<br>All above mentioned candidates shall have to secure minimum score of 50% marks in Ph. D. Entrance Test. |
| R.PG.PhD.12 : Amended version<br>The Tests shall be of 100 marks and 3 hours duration. The format of the Entrance Test paper shall be as follows: Section-I (50 marks; test items of objective type in multiple choice format on the subject); and Section – II **(30 marks;** five short- | R.PG.PhD.12 :<br>The Tests shall be of 100 marks and 3 hours duration. The format of the Entrance Test paper shall be as follows: Section-I (50 marks; test items of objective type in multiple choice format on the subject); and Section – II **(25 marks;** |

| | |
|---|---|
| answer question on the subject; and **20 marks**; two long-answer questions with or without sub-questions on the subject). The syllabus of the Entrance Test shall consist of 50% of research methodology and 50% shall be subject specific. | five short-answer question on the subject); and **25 marks**; long-answer questions with or without sub-questions on the subject). The syllabus of the Entrance Test shall consist of 50% of research methodology and 50% shall be subject specific |

ઠરાવ ક્રમાંક: ૮ M.Phil અને Ph.D ના Ordinanceમાં ઉપરોક્ત સુધારા EC દ્વારા સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે.

બાબતક્રમાંક:૯ વર્ષ-૨૦૧૬-૧૭ના UGC માન્ય M.Phil(Education) અને M.Phil(Psychology) અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓના પરિણામ તથા Degree એનાયત કરવા બાબત.

ઠરાવક્રમાંક:૯ વર્ષ-૨૦૧૬-૧૭ના M.Phil(Education)ના બે વિદ્યાર્થીઓ (૧) ગોસ્વામી પારૂલબહેન આર. અને (૨) પટેલ હેતલબહેન એચ તથા M.Phil(Psychology)ના બે વિદ્યાર્થીઓ (૧) પુરોહિત વર્ષાબહેન પી અને (૨) રાવલ પુષ્પાબહેન વી ઉત્તીર્ણ થયેલ છે તેમના પરિણામ મંજૂર કરી Degree એનાયત કરવા EC દ્વારા **સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે.**

બાબત ક્રમાંક: ૧૦ મા. અધ્યક્ષ સ્થાનેથી રજૂ થાય તે બાબત

મા. અધ્યક્ષ સ્થાનેથી નીચે મુજબની બાબતો રજૂ થયેલ છે.

બાબત ક્રમાંક:૧૦(૧)સીધી ભરતીથી ભરેલ ૬ આસિ. પ્રોફેસરને જાન્યુઆરી-૨૦૧૫માં નિમણૂક આપેલી છે. જે જાન્યુઆરી-૨૦૧૭માં ૨ વર્ષનું પ્રોબેશન પીરીયડ સફળતા પૂર્વક પૂર્ણ થતાં Increment છોડવા બાબત.

ઠરાવ ક્રમાંક:૧૦(૧)સીધી ભરતીથી ભરેલ ૬ આસીસ્ટન્ટ પ્રોફેસરોને જાન્યુઆરી-૨૦૧૫માં નિમણૂક આપેલી છે. આથી જાન્યુઆરી-૨૦૧૭માં ૨ વર્ષનું પ્રોબેશન પીરીયડ સફળતાપૂર્વક પૂર્ણ થતાં બે **વર્ષના કાર્યની સમીક્ષા માટે મા. કુલપતિશ્રી દ્વારા રચાયેલ કમિટિની નોંધ અનુસાર પ્રોબેશન સમયગાળા દરમિયાન તેમણે સંતોષકારક કામગીરી કરેલી છે. અને ઓર્ડરની દરેક શરતનું** પાલન થયેલ છે તેની નોંધ તા. ૩૦/૦૧/૨૦૧૭ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠકમાં મુકવામાં આવેલ તેમા કાયમી કરવા જરૂરી કાર્યવાહી કરવા વાઈસ ચાન્સેલરશ્રીને સત્તા આપવામાં આવે છે. આથી તેમનો ઈજાફો(Increment) UGC ના નિયમોનુસાર છોડવા EC દ્વારા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવેલ છે અને ૬ આસિ પ્રોફેસર અને ડેપ્યુટેશન પર ફરજ બજાવતા અધિકારી/કર્મચારીના Dearness Allowance(DA) વખતો વખત સરકારશ્રીના નિયમ મુજબ આપવા માટે EC દ્વારા સર્વાનુંમતે મા. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

બાબત ક્રમાંક:૧૦(૨)ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને Commissionerate of Health and family welfare, ગુજરાત રાજ્ય વચ્ચે MOU કરવા બાબત

| એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ | તા. 03/0૮/૨૦૧૭ |
|---|---|

ઠરાવ ક્રમાંક:૧૦(૨)ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને Commissionerate of Health and family welfare, ગુજરાત રાજ્ય વચ્ચે MOU કરવા માટે EC દ્વારા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે તદુપરાંત MOUની શરતો તેમજ અન્ય આનુષાંગિક બાબતો નક્કિ કરવાની EC દ્વારા સર્વાનુંમતે મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે

બાબત ક્રમાંક:૧૦(૩)ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર, આયુર્વેદ યુનિવર્સિટી જામનગર અને સૌરાષ્ટ્ર વિપસ્યાના રીસર્ચ સેન્ટર રાજકોટ સાથે સગર્ભા અવસ્થા દરમિયાન આયુર્વેદિક તેમજ ધ્યાન પ્રક્રિયાની અસર અંગેના સંશોધનો કરવા માટે MOU કરવા બાબત

ઠરાવ ક્રમાંક:૧૦(૩)ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર, આયુર્વેદ યુનિવર્સિટી જામનગર અને સૌરાષ્ટ્ર વિપસ્યના રીસર્ચ સેન્ટર રાજકોટ સાથે સગર્ભા અવસ્થા દરમિયાન આયુર્વેદિક તેમજ ધ્યાન પ્રક્રિયાની અસર અંગેના સંશોધનો કરવા માટે MOU કરવા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે. તદુપરાંત MOUની શરતો તથા અન્ય આનુષંગિક બાબતો નક્કિ કરવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવામાં આવે છે.

અંતમાં સૌનો આભાર માની બેઠકની કાર્યવાહી પૂર્ણ જાહેર કરવામાં આવી.

તારીખ : 03/0૮/૨૦૧૭

સ્થળ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,
સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેકટર-૨૦, ગાંધીનગર

Ramalaxmi Rao

કુલસચિવશ્રી (I/C)